નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO (CRL)N0.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના Rule 179 A અન્વયે નોટીફીકેશન નંબર–સી–૨૦૦૧–૯૩, તારીખ ૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલા પર્ફોમાં મુજબ.

| | | | |
|---|---|---|---|
| કેસ રજુ કર્યા તારીખ | ૧૩/૦૨/૨૦૨૬ | | |
| કેસ નોંધ્યા તારીખ | ૧૩/૦૨/૨૦૨૬ | | |
| કેસ નિકાલ તારીખ | ૧૬/૦૭/૨૦૨૬ | | |
| સમય અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૫ | ૦૩ |

લખતરના મહેરબાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(એસ.કે.ત્રિવેદી)સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ ::– લખતર.

(ચુકાદાની તારીખ– ૧૬/૦૭/૨૦૨૬ )

| |
|---|
| ફોજદારી કેસ નંબર– ૧૨૦/૨૦૨૬ |
| આંક–૧૧ |

| એફ.આઇ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશનના | |
|---|---|
| પોલીસ સ્ટેશન | લખતર પોલીસ સ્ટેશન, ગુના રજીસ્ટર નંબર–૧૧૨૧૧૦૩૦૨૫૦૫૭૫/૨૦૨૫ |
| ગુનો | મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ તથા ગુજરાત પ્રોહિબી ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ–૬૬(૧)(બી) |
| ફરીયાદી | સરકારશ્રી |
| ફરીયાદપક્ષેથી | વિદ્વાન એ.પી.પી.શ્રી ::– એસ.એમ.રામી. |
| –:: વિરૂદ્ધ ::– | |
| આરોપી | **શંભુભાઇ કાળુભાઇ વડોદરીયા,**<br>ઉંમર વર્ષ આશરે–૩૩,ધંધો–ખેતી,<br>રહેવાસી–ઝાંઝરકા,તાલુકો–ધંધુકા,<br>જીલ્લો–અમદાવાદ. |
| આરોપીતરફેથી વિદ્વાનવકીલશ્રી::–એ.આઇ.વાઘેલા | |

## –:: ફોર્મ–બી ::–

| | |
|---|---|
| બનાવ બન્યાની | તારીખ ::–૨૭/૧૨/૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલ | તારીખ ::–૨૭/૧૨/૨૦૨૫ |
| ચાર્જશીટ દાખલ થયા | તારીખ ::–૧૩/૦૨/૨૦૨૬ |
| પ્લી રેકર્ડ કર્યા. | તારીખ ::–૦૯/૦૪/૨૦૨૬ |
| પુરાવો શરૂ કર્યાની | તારીખ ::–૦૯/૦૪/૨૦૨૬ |
| ચુકાદો આપ્યાની | તારીખ ::– ૧૬/૦૭/૨૦૨૬ |
| સજાના હુકમ – | નિર્દોષ |

## –:: ફોર્મ–સી ::–

### (એ) ફરીયાદપક્ષના સાહેદોનું લીસ્ટ ::–

| સાહેદ નંબર | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૦૧ | ગોપાલભાઈ બાબુભાઈ વડદરીયાનો સોંગદપરનો પુરાવો. | પંચ સાહેદ | ૦૪ |
| ૦૨ | સુરેશભાઈ ભુપતભાઈ અધારાનો સોંગદપરનો પુરાવો. | પંચ સાહેદ | ૦૬ |
| ૦૩ | મહાવિરસિંહ દેવજીભાઈ પઢારીયાનો સોંગદપરનો પુરાવો. | તપાસ કરનાર પોલીસ અમલદાર | ૦૮ |

(બી) બચાવ પક્ષના સાહેદ ::–બચાવપક્ષે કોઈ સાહેદો તપાસવામાં આવેલ નથી.

(સી) કોર્ટ તરફે સાહેદો ::–કોર્ટ તરફે કોઈ સાહેદો તપાસવામાં આવેલ નથી.

## –:: દસ્તાવેજી પુરાવાઓ::–

## (એ) ફરીયાદપક્ષે દસ્તાવેજોનું લીસ્ટ ::–

| અનુક્રમ નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | આરોપીનું અટક પંચનામું. | ૦૫ |
| ૦૨ | ડેપ્યુટ હુકમ. | ૦૯ |
| ૦૩ | ફોર્મ–એ | ૧૦ |

(બી)બચાવપક્ષે લીસ્ટ::–બચાવપક્ષે કોઇ દસ્તાવેજો રજુ કરવામાં આવેલ નથી.

(સી)કોર્ટ તરફે ::–કોર્ટ તરફેથી કોઇ દસ્તાવેજો રેકર્ડ કરવામાં આવેલ નથી.

## –:: જજમેન્ટ ::–

**(૦૧)**આકામના ફરીયાદીના આધારે લખતર પોલીસ સ્ટેશન ના અમલદારશ્રી પોલીસ કોન્સ્ટેબલે આરોપી વિરૂદ્ધ લખતર પોલીસ સ્ટેશન,ગુના રજીસ્ટર નંબર–૧૧૨૧૧૦૩૦૨૫૦૫૭૫/૨૦૨૫ થી ધી મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ તથા ધી ગુજરાત પ્રોહિબીશન એકટ ની કલમ– ૬૬(૧)(બી) મુજબ ના ગુન્હાની ફરીયાદ નોંધેલ છે.

**(૦૨)** આ કામે ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીનાએ ગઇ તારીખ ૨૭/૧૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૬/૩૦ વાગ્યે લખતર યોગીરાજ હોટલ પાસે હાઇવે રોડ ઉપર ગેરકાયદેસર પાસ પરમીટ વગર કેફી પીણું પિધેલ હાલતમાં આરોપીએ પોતાના કબજા–ભોગવટા હવાલાવાળું હિરો કંપનીનું કાળા કલરનું પોલીસ પટ્ટા વાળું સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ નંબર–GJ–13–B.E–9186 વાળું કેફી પીણું પિધેલ હાલતમાં આડુ–અવળું સર્પાકાર ચલાવી લાવી મળી આવી પકડાઇ જઇ ને ગુનો કરેલ હોય તેમજ સદર આરોપીને અટક કરી અને મળેલ પુરાવાના

આધારે આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરતો પુરવો હોય,જેથી આ કામના ફરીયાદી એ સદર આરોપી સામે લખતર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલ.

**(૦૩)**ફરીયાદીની આરોપી વિરૂદ્ધની ફરીયાદ લખતર પોલીસ સ્ટેશન,ગુના રજીસ્ટર નંબર-૧૧૨૧૧૦૩૦૨૫૦૫૭૫/૨૦૨૫ થી નોંધી,આ ફરીયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીનાઓએ ગુનાની તપાસ મળતા તેઓએ આરોપીનું અટક પંચ રૂબરૂ પંચનામું મેળવી,લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી અને તપાસ કરી ને તપાસના અંતે આ કામના આરોપી વિરૂદ્ધ ધી મોટર વ્હીકલ એકટની કલમ-૧૮૫ તથા ધી ગુજરાત પ્રોહિબીશન એકટ ની કલમ - ૬૬(૧)(બી) મુજબના ગુના સબબ પુરતો પુરાવો પડેલ હોય, તે સબબનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

**(૦૪)** આ કામના આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ ફાઇલ થતા ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે સમન્સ ઈસ્યુ કરવામાં આવતા,આરોપી તેમના વિદ્વાન વકીલ શ્રી મારફતે અત્રે ની અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ છે. આરોપી ને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ અન્વયે પોલીસ પેપર્સ મળ્યા અંગેની ખાત્રી કર્યાબાદ આરોપી ને તેમની સામેના આક્ષેપિત ગુનાની હકીકતો વાંચી સંભળાવી સમજાવી આરોપીની પ્લી આંક-૦૩ થી રેકર્ડ કરતા આરોપીએ પોતાની સામેના આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરતા આરોપી સામે આક્ષેપિત ગુનો પુરવાર કરતા ફરીયાદપક્ષ તરફેથી નીચે મુજબના પુરાવા રજુ રાખવામાં આવેલ છે.

**<u>કલોઝીંગ પુરશીશ અને આરોપીનુ વિશેષ નિવેદન</u> ::-**

**(૦૫)** ઉપરોકત મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કર્યા બાદ વિદ્વાન એ.પી.પી.શ્રીનાઓએ મૌખીક રીતે સદરહું ગુનાના કામે વધુ પુરાવો આપવા ન માંગતા હોવાનું જણાવી ને પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરેલ છે. તેમજ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ

નિવેદન રેકર્ડ કરવામાં આવેલ છે જેમાં આરોપીએ પોતાના વિરૂદ્ધ રજુ થયેલ પુરાવાની હકીકતો કબૂલ રાખેલી નથી અને બચાવમાં સાહેદ તપાસવા માંગતા ન હોવાનું અને જાતે સોંગદ ઉપર જુબાની આપવા માંગતા ન હોવાનું જણાવેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે,"તેઓની સામે ખોટો આક્ષેપ કરી ખોટ કેસ કરવામાં આવેલ છે. " સદર કામે બન્ને પક્ષકારો તરફેથી કરવામાં મોખીક દલીલો ને સાંભળવામાં આવેલ છે.

**<u>ફરીયાદપક્ષ તરફેથી દલીલો–</u>**

**(૦૬)** આ કામે ફરીયાદપક્ષેથી વિદ્ધાન એ.પી.પી.શ્રીનાઓએ તેમની મોખીક દલીલો કરતા એ હકીકત જણાવેલ છે કે, ફરીયાદી તથા સાહેદોની જુબાની તેમજ રેકર્ડ ઉપર નો રજુ સમગ્ર પુરાવો જોતા ફરીયાદ પક્ષ આ કામના આરોપી વિરૂદ્ધનો સદર બનાવ હકીકત સંદર્ભેનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ છે. તેમજ બચાવપક્ષ ના પોતાના બચાવના સમર્થનમાં કોઇ હકીકત ફરીયાદી કે  સાહેદોની ઉલટ તપાસમાંથી બનાવ હકીકતો વિરૂદ્ધની કોઇ હકીકત કઢાવી શકેલ નથી. વધુમાં વિદ્ધાન એ.પી.પી.શ્રીનાઓ મૌખીક દલીલ કરતા જણાવેલ છે કે, આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તેમજ અન્ય સાહેદો નો આપેલ સોંગદ પરનો પુરાવો ન માનવાને કોઈ કારણ રહેતું નથી બન્ને પંચએ પોતાની પંચનામામાં સહી ઓળખી બતાવેલ છે અને સદર બન્ને પંચની સહી થયેલાની હકીકત તપાસ કરનાર અમલદારે તેમની જુબાની હકીકતોમાં જણાવેલ છે. જેથી આ કામના આરોપીની સામેના આક્ષેપાયેલ ગુનાની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવવામાં સફળ રહેલ છે જેથી આરોપીને કાયદામાં વર્ણવેલ સજાની જોગવાઇ મુજબ આરોપીને કસુરવાર ઠરાવી ને યોગ્ય સજા અને દંડ કરવા અરજ કરેલ છે.

**<u>બચાવપક્ષ તરફેથી દલીલો–</u>**

**(૦૭)** આ કામના આરોપીના વિદ્ધાન વકીલશ્રીનાઓએ મોખીક દલીલો કરી ને રજુઆત કરેલ છે કે, સદર ગુનાના કામે ફરીયાદપક્ષ  જે કહેવાતું અટક પંચનામું ફરીયાદપક્ષેથી રજુ થયેલ છે તે પંચનામામાં સહી કરનાર પંચએ

અત્રેની અદાલત સમક્ષ માત્ર ને માત્ર સહિ કર્યા પુરતુ સમર્થન આપેલ છે પરંતુ પંચનામામાં વર્ણવેલ હકીકતોનો તેઓ પંચએ ઇન્કાર કરતો પુરાવો સોંગદ પરની જુબાનીમાં આપેલ છે. તેમજ જે કહેવાતો આરોપી સામે આરોપ મુકવામાં આવેલ છે તે પ્રોહિબીશન એકટની કલમ–૬૬(૧)(બી) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબના કોઇજ આવશ્યક તત્વો આ કામે ફરીયાદપક્ષ રેકર્ડ પર પ્રસ્તુત રાખી શકેલ નથી. તેમજ જે કહેવાતો રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, પ્રોહિબીશન ના આક્ષેપ હકીકત મુજબ મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ–૧૯૫૯ ના નિયમોનું પાલન થયેલાની હકીકત પણ ફરીયાદપક્ષ રેકર્ડે પ્રસ્તુત રાખી શકેલ નથી. આમ, ખુદ ફરીયાદી દ્વારા જે આરોપ આરોપી મળ મુકેલ છે તે મુજબના કોઇ જ આવશ્યક અને માનવા લાયક પુરાવા ફરીયાદપક્ષ રેકર્ડે રજુ રાખી શકેલ ન હોય જેથી ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. જેથી આરોપીની સામેના આક્ષેપિત ગુના સબબના કોઇ જ આધારભુત અને માનવાલાયક પુરાવો રેકર્ડે પ્રસ્તુત ફરીયાદપક્ષ રાખી શકેલ ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૦૮) આ કામે ફરીયાદપક્ષ દ્રારા રજુ થયેલા રેકર્ડ પરના સમગ્ર પુરાવાઓનું મુલ્યાંકન કરતા આ અદાલતના વિચાર–વિમર્શ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુ દ્દા ::–**

**મુદ્દા નંબર–૧** શું ફરીયાદપક્ષ એવું નિ:શંકપણે પુરવાર કરે છે કે,આરોપીએ ગઇ તારીખ ૨૭/૧૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૬/૩૦ વાગ્યે લખતર યોગીરાજ હોટલ પાસે હાઇવે રોડ ઉપર ગેરકાયદેસર પાસ પરમીટ વગર કેફી પીણું પિધેલ હાલતમાં આરોપીએ પોતાના કબજા–ભોગવટા હવાલાવાળું હિરો કંપનીનું કાળા કલરનું પોલીસ પટ્ટા વાળું સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ

નંબર–GJ–13–B.E–9186 વાળું કેફીપીણું પિધેલ હાલતમાં આડું–અવળું સર્પાકાર ચલાવી લાવી મળી આવી પકડાઇ જઇ ને આરોપીએ મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ તથા ધી ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ નો શિક્ષાને પાત્ર ગુન્હો આચરેલ છે.?

**મુદ્દા નંબર–૨ ::–** શું હુકમ ? _

(૦૯) આ કામે તપાસેલા સાહેદોની જુબાનીઓ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ તેમજ પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની મૌખીક દલીલો વિગેરે ધ્યાને લેતા ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો અને તે નિર્ણયો પરત્વેના કારણો નીચે મુજબના છે.

**–:: નિર્ણયો ::–**

મુદ્દા નંબર –૧ ::– નકારમાં
મુદ્દા નંબર –૨ ::– આખરી હુકમ મુજબ.

**ઉપરોકત મુદ્દા પરત્વેના નિર્માણ થયેલ નિર્ણય પરત્વેના વિસ્તુત કારણો અને તારણો ::–**

(૧૦)સૌ પ્રથમ ઇન્સાફી કાર્યવાહી ચલાવવા સંબંધે ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સમાં જે પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત છે તે લક્ષમાં રાખવો જરૂરી છે. નામદાર સુપ્રિમ કોર્ટ દ્રારા જે સિધ્ધાંતો પ્રતિપાદિત થયેલ છે તે તથા ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સના સિધ્ધાંતને ધ્યાને લેતાં, આરોપી સામેનો કેસ શંકારહીત પુરવાર કરવાની તમામ જવાબદારી પ્રોસીકયુશને નિભાવવાની છે. આરોપી વિરૂધ્ધની શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ શંકા એ શંકા જ રહે છે અને શંકા કદી પણ સચોટ, સબળ અને વિશ્વસનીય પુરાવાનું સ્થાન લઇ શકતી નથી. આમ, ચર્ચા કર્યા મુજબ ન્યાયશાસ્ત્રના પાયાના સિધ્ધાંતને નજર સમક્ષ રાખીને હાથ ઉપરના કેસના પુરાવાની ચર્ચા કરવી ન્યાયોચીત

માનુ છું.

**(૧૧)**હાલના કામે ઉભય પક્ષની રજુઆતો તેમજ આરોપી વિરૂધ્ધ રજુ કરવામાં આવેલ આંક–૦૧ નું ચાર્જશીટ તથા તે આધારે ફરમાવવામાં આવેલ આંક–૦૩ રેકર્ડ થયેલ પ્લી ધ્યાને લેતાં, આ કામનાં આરોપી વિરૂદ્ધ મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ તથા ધી ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબનાં સજાને પાત્ર ગુન્હાનો આક્ષેપ છે.આમ, ઉપરોકત જણાવેલ પાયાના સિધ્ધાંતોને નજર સમક્ષ રાખીને હાથ ઉપરના કેસના પુરાવાની ચર્ચા કરવી ન્યાયોચીત માનું છું. જે સંદર્ભે હાલનાં કામે ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન, તારણ નીચે મુજબ કરવામાં આવે છે.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નંબર–૧**

**(૧૨)** સદર કામે ફરીયાદપક્ષ તરફથી આંક–૦૫ થી રજુ પંચનામામાં પંચ સાહેદ નંબર–૧ તરીકે ગોપાલભાઇ બાબુભાઇ વડદરીયા ને આંક–૦૪ થી તથા પંચ સાહેદ નંબર–૨ તરીકે સુરેશભાઇ ભુપતભાઇ અધારા ને આંક–૦૬ થી તપાસવામાં આવેલ છે. સદર બન્ને પંચ સાહેદોએ તેમની આપેલ જુબાની હકીકતોમાં આંક–૦૫ થી રેકર્ડે રજુ પંચનામામાં સહી કર્યા સિવાય બીજી પંચનામામાં વર્ણવેલ અન્ય કોઇ હકીકતોને સર્મથન આપતો પુરાવો આપેલ નથી. જેથી સદર બન્ને પંચ સાહેદો રેકર્ડે રજુ આંક–૦૫ પંચનામામાં વર્ણવેલ હકીકતોને સમર્થન ન આપતા હોય ફરીયાદપક્ષેથી વિદ્વાન એ.પી.પી.શ્રી નાઓએ પંચ સાહેદનો ફરી ગયેલા પંચ સાહેદ જાહેર કરવામાં આવેલ અને વિદ્વાન એ.પી.પી.શ્રીનાઓએ પંચોની વિસ્તૃત ઉલટ તપાસ પણ લીધેલ છે પરંતુ તે લીધેલ ઉલટ તપાસ હકીકતોમાં પણ રેકર્ડે રજુ આંક–૦૫ વાળા પંચનામાની વિગતો ને પંચો દ્વારા લેશમાત્ર સમર્થન આપતો કોઇ જ પુરાવો રેકર્ડ પર પ્રસ્તુત રાખેલ નથી. જેથી પંચોની જુબાની હકીકતોથી

રેકર્ડે રજુ આંક–૦૫વાળા પંચનામામાં વર્ણવેલ હકીકતો ફરીયાદપક્ષ પંચોની જુબાની હકીકતોથી પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય જેથી આંક–૦૫નું રેકર્ડ પરનું પંચનામું પુરવાર થયેલાનું માની શકાય નહી._

**(૧૩)**સદર કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ તપાસ કરનાર અમલદાર શ્રી મહાવિરસિંહ દેવજીભાઇ પઢારીયાનાઓએ તેમની આંક–૦૮ ની સોંગદ પરની જુબાની હકીકતોમાં  જણાવેલ છે કે, ગઇ તારીખ ૨૭/૧૨/૨૦૨૫ ના રોજ આ કામના ફરીયાદી પોલીસ કોન્સ્ટેબલ અનિકેતસિંહ ઘનશ્યામસિંહ સિસોદીયાનાઓએ આ કામના આરોપી–શંભુભાઇ કાળુભાઇ વડોદરીયા, રહેવાસી–ઝાંઝરકા, તાલુકો–ધંધુકા, જીલ્લો–અમદાવાદવાળા વિરૂદ્ધ મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫,તથા પ્રોહિબીશીન એકટની કલમ–૬૬(૧)(બી)મુજબ ફરીયાદ તેઓ સાથેના સહ કર્મચારી આપેલાનું જણાવેલ છે.બાદ લખતર પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ.શ્રીએ આ કામના આરોપી વિરૂદ્ધની ફરીયાદ હકીકત સંદર્ભેનો ગુનો રજીસ્ટરે નોંધી આગળની તપાસ તેઓને ડેપ્યુટ હુકમ સાથે સોપેલાનું જણાવીને તેઓએ સદરહું હુકમ આંક–૦૯ થી રેકર્ડે પ્રસ્તુત રાખી ને સદરહું તપાસ તેઓએ સંભાળી લીધેલાનું અને આ કામના આરોપીનું લખતર સી. એચ.સી.ખાતે બ્લડ સેમ્પલ લેવડાવવાની કાર્યવાહી કરેલાનું અને તે કાર્યવાહી સબંધેનું ફોર્મ –એ મેળવેલ અને જે ફોર્મ–એ તેઓએ આંક–૧૦ થી રેકર્ડે પ્રસ્તુત રાખીને આ કામના આરોપી વિરૂદ્ધની ગુના સબબની તપાસ હકીકતો સંદર્ભે આરોપી વિરૂદ્ધ ગુના સબબનો પુરતો પુરાવો મળી આવતા આ કામના આરોપી વિરૂદ્ધ અત્રેની અદાલત સમક્ષ ચાર્જશિટ રજુ કરેલાનું જણાવીને તેઓએ આરોપીને અત્રેની અદાલત સમક્ષ ઓળખી બતાવેલ છે.

હવે સદરહું તપાસ કરનાર પોલીસ અમલદારની આરોપી તરફેથી વિદ્વાન વકીલશ્રીનાઓએ ઉલટ તપાસ કરેલ છે જે કરેલ ઉલટ તપાસ હકીકતોમાં સદર સાહેદ એ હકીકત સ્વિકાર કરેલ છે કે, કહેવાતો રેઇડ વાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે અને ત્યાં માણસો અને વાહનોની અવર–જવર

હોય છે. તેઓએ સાહેદ એ હકીકત સ્વિકાર કરેલ છે કે, સામાન્ય રીતે કોઇ વ્યકિત ને આંખમાં ધુળ ઉડે, પવન લાગે કે આંખની બિમારી હોય તો આંખો લાલ થઇ શકે છે.

તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, કોઇ વ્યકિત ને જીભની જન્મથી ખોટ હોય કે જીભની બિમારી હોય તો પણ તે સ્પષ્ટ બોલી શકે નહી. તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, કોઇ વ્યકિત ને પગની ખોટ હોય,બીમાર હોય, બી.પી.ની વધઘટ રહેતી હોય, તો સામાન્ય રીતે તે સ્થીર ચાલી શકે નહી અને શરીરનું સમતોલનપણું જાળવી શકે નહી.

તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આ કામે પંચનામું કરનાર અને તપાસ કરનાર અમલદાર તેઓ પોતે જ છે. તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, બનાવ સ્થળે કહેવાતા આરોપી પાસેથી રેઇડ સમયે ઓળખનો આધાર કબજે કરેલ નહી.

તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ફરીયાદમાં આરોપીની શરિર સ્થિતિનું વર્ણન લખાયેલ નથી.

તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આરોપી નાશી–ભાગી ન જાય તે માટે બ્લડ લેવાની પ્રક્રિયા દરમ્યાન પોલીસ સાથે હોય છે. તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેઓ ડોકટર નથી જેથી જે તે સમયે આરોપી આલ્કોહોલ ની અસર તળે હતો કે કેમ તે તેઓ કહી ન શકે.

તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ફરીયાદ આપ્યા બાદ ૧૦ મીનીટ પછી આરોપી ને દવાખાને સેમ્પલ માટે લઇ ગયેલા અને બ્લડ લેવાની પ્રક્રિયામાં આશરે ૧૦ –૧૫ મીનીટ જેટલો સમય થયેલ હશે.

તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, વાહન આવતું હોય અને રસ્તા ઉપર કોઇ પશુ બેસેલ હોય કે ખાડા તારવી ને ચાલતું હોય તો તે વાહન સર્પાકાર ચાલતું હોય તેવું લાગે.

તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, કોઇપણ વાહનમાં અચાનક યાંત્રીક ખામી સર્જાય તો, તે વાહન સર્પાકાર ચાલતું હોય તેવું લાગે.

તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, કોઇ વાહનમાં અચાનક હવા

નિકળી જાય કે પંચર પડી જાય તો, તે વાહન કાબુમાં ન રહે.

તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, કહેવાતા વાહનની કોઇ યાંત્રીક કે એફ.એસ.એલ. તપાસણી થયેલ નથી.

તેઓએ એ વાતનો સ્વિકારા કરેલ છે કે, આ કામે કહેવાતા વાહનથી કોઇ ને જાન–માલનું નુકશાન થયેલ હોય તેવી કોઇ અરજી કે ફરીયાદ લખતર પોલીસ સ્ટેશનમાં થયેલ નથી કે તેમની તપાસમાં ખુલેલ નથી.

તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, કોઇ વ્યકિત દારૂની અસર હેઠળ હોય, તો તેને શાન–ભાન ન હોય.

તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે,કહેવાતા વાહનના ચાલકે કોઇ તોફાન કર્યુ હોય કે તેને પકડી રાખવો પડયો હોય કે તેને વાહનમાંથી પકડી ને બહાર લાવવો પડયો હોય, તેવું બનેલ નથી.

તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેઓ પેટ્રોલીંગમાં  હતા તે દરમ્યાન તેઓને કે સાથેના રેડીંગ પાર્ટીના સભ્યો પૈકી કોઇ ને પણ એવી બાતમી મળેલ નહી કે કહેવાતા વાહનનો ચાલક દારૂ પી ને વાહન સર્પાકાર ચલાવે છે.

તેઓએ એવાતનો સ્વિકાર કરેલ છે કે, સામાન્ય રીતે કોઇ વાહન ચેકીંગ કરવા માટે તેઓ જાય ત્યારે રસ્તાની બન્ને બાજુ બેરીકેટની અથવા વાહનની આડશ ઉભી કરીએ અને તે આડશથી થોડે દુર પોલીસ ચેકીંગ માટે ઉભી રહે છે.

તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આ કામે તેઓએ કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી. તેઓએ એવાતનો સ્વિકાર કરેલ છે કે, પેટ્રોલીંગમાં નિકળતા પહેલા સ્ટેશન ડાયરીમાં કોઇ નોંધ કરેલ હોય તેવું બનેલ નથી.

તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ફરીયાદ પક્ષનો ઇરાદો કેસ પુરવાર કરવાનો હોય છે. તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેઓએ ફોર્મ એ વાચેલ છે.

તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેઓને ફોર્મ બી વિશે કોઇ

જાત–માહિતી નથી. તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આ કામે આરોપીને બ્રેથ એનાલઇઝરથી તપાસેલ હોય તેવું તેમની તપાસમાં ખુલવા પામેલ નથી. તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આ કામે ફોર્મ બી તથા ફોર્મ સી રજુ થયેલ નથી. એ વિશે તેઓને ખબર નથી કે આ કામે લીધેલ બ્લડ સેમ્પલ દિન–૭ માં એફ.એસ.એલ. ખાતે પહોંચેલ છે કે કેમ.

તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં સારી કામગીરી દર્શાવવા ફરીયાદી એ ખોટી ફરીયાદ આપેલ અને તેના સમર્થનમાં ખોટી જુબાની તેઓ આપે છે. તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી વિરૂદ્ધ અટક કરવા જેટલો તથા ચાર્જશીટ કરવા જેટલો પુરાવો ન હોવા છતાં આરોપી ને ખોટી રીતે અટક કરી ખોટું ચાર્જશીટ દાખલ કરેલ છે.

**(૧૪) હવે આ તબક્કે ડોકટરી તપાસ અને લોહિની ચકાસણી સબંધેના નિયમ–૪(૨) ને ધ્યાને અને વંચાણે લેવામાં આવે તો,** "The sample blood collected in the phial in the manner stated in sub-rule (1) <u>shall be forward</u> for test to the Testing officer by post or with a special messenger so as to <u>reach him within seven days form the date of its collection</u>."

સદર કામે આંક–૧૦ થી રજુ થયેલ ફોર્મ–એ વંચાણે લેતા તેમાં આ કામના આરોપીનું બ્લડ સેમ્પલ તારીખ ૨૭/૧૨/૨૦૨૫ ના રોજ કલાક– ૦૬–૦૦ પી.એમ.(સાંજ)ના સમયે લીધેલાનું જણાઇ આવે છે.પરંતુ સદર કેસનું રેકર્ડ ધ્યાને લેતા આરોપીના લોહીના નમુના દિન–૦૭ ની અંદર એફ.એસ.એલ. લેબોરેટરી ખાતે પહોંચેલા છે કે કેમ ?તે અંગેનું ફોર્મ બી તથા ફોર્મ સી નું સર્ટીફીકેટ રજુ કરેલ નથી.

આમ, મુંબઇ પ્રોહિબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ–૧૫૫૯ બા રૂલ–૪(૨)ની મેન્ડેટરી જોગવાઇનો ભંગ થયેલ હોય, તેમ સ્પષ્ટપણે જણાઇ આવે છે. જેથી આ કામે આરોપીએ કેફી પીણું પીધેલ

હોવાનું માની શકાય નહી.

**(૧૫)**હવે, આ તબક્કે મોટર વ્હીકલ એકટની કલમ-૧૮૫ ને ધ્યાને અને વંચાણે લેતા તે નીચે મુજબ છે.

185. Driving by a drunken person or by a person under the influence of drugs.—Whoever, while driving, or attempting to drive, a motor vehicle,— 1[

(a) has, in his blood, alcohol exceeding 30 mg. per 100 ml. of blood detected in a test by a breath analyser, or]

(b) is under this influence of a drug to such an extent as to be incapable of exercising proper control over the vehicle, shall be punishable for the first offence with imprisonment for a term which may extend to six months, or with fine which may extend to two thousand rupees, or with both; and for a second or subsequent offence, if committed within three years of the commission of the previous similar offence, with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to three thousand rupees, or with both. Explanation.—For the purposes of this section, the drug or drugs specified by the Central Government in this behalf, by notification in the Official Gazette, shall be deemed to render a person incapable of exercising proper control over a motor vehicle.

**(૧૬)** આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ વંચાણે લેતા તેમજ હાલના મારા નિર્ણય તળેના કેસની હકીકતો તથા સંજોગો સાથે મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષ તરફથી આ કામના આરોપી દ્વારા તેઓનું કબજા-ભોગવટા હવાલાવાળું હિરો કંપનીનું કાળા કલરનું પોલીસ પટ્ટા વાળું સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ નંબર-GJ-13-B.E-9186 વાળું એ હદે કેફી પીણું પી ને જાહેરમાં મોટર સાયકલ ઉપર પોતાનો કંટ્રોલ ન રાખી શકે તે હદ્દે વાહન

ચલાવી ગુન્હો કર્યા નો આક્ષેપ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરેલ ન હોય, તેવા સંજોગોમાં આરોપી ને કશુરવાર ઠેરવી શકાય નહી. જેથી મુદ્દા નંબર–૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નંબર–૨ અન્વયે નો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: **<u>આખરી હુકમ</u>** ::–

**(૧)**આ કામના આરોપી–સંજયભાઇ વગડભાઇ સારોલીયા, રહેવાસી–દેવળીયા, તાલુકો–લખતર,જીલ્લો–સુરેન્દ્રનગર, મુળ રહેવાસી–જાળીયાળા, તાલુકો–લીંબડી, જીલ્લો–સુરેન્દ્રનગર વાળાને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧ (૧) અન્વયે પ્રોહિબીશન એકટની કલમ–૬૬(૧)(બી) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ અન્વયે સજા ને પાત્ર ગુનામાં પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ અન્વયે આ કામના આરોપીએ રૂપિયા ૫,૦૦૦(અંકે રૂપિયા પાંચ હજાર પુરા)પુરાના જામીન તથા તેટલી જ રકમનાં જાત–મુચરકાં આપવા.

હુકમ આજ રોજ તારીખ ૧૬મી, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી ને મારી સહી કરી ને જાહેર કર્યો.

તારીખ ::–૧૬/૦૭/૨૦૨૬
સ્થળ::–લખતર.

(એસ.કે.ત્રિવેદી)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
લખતર,જીલ્લો–સુરેન્દ્રનગર.
કોડ–જીજે–૦૧૬૬૩